સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

શોધો છો ક્યાં બહાર! - દવા, 'ઘર'માં જ કસ્તૂરી છે,
માણો મજા પરિવાર સાથે 'ઘર' જ મસૂરી છે!
મજબૂરી નથી, છે રાષ્ટ્રીય સેવાની મગરૂરી -
કડવી દવા ને રાખો દૂરી દો ગજ, જરૂરી છે...

હાઈકુ

રાષ્ટ્ર સેવાનું -
ઉમદા યોગદાન -
'નિવાસ સ્થાન'

ઘરમાં રહી -
કરો દેશની સેવા -
બનો સૈનિક...

(અત્યારે સરહદે જવાની જરૂર નથી,
ઘરમાં રહી (લડો) સૈનિક બનો)

ચિંતન

નામ્ભોધિરર્થિતામે તિ સદામ્ભોભિશ્ચ પૂર્યતે ।
આત્મા તુ પાત્રતાં નેયઃ પાત્રમાયાન્તિ સંપદઃ ॥

ઉપરોક્ત શ્લોક 'વિદૂરનીતિ'માંથી લેવામાં આવેલ છે.

સમુદ્ર કદી યાચના કરતો નથી તો પણ (પાત્ર હોવાથી) સદાયે જળથી ભરાયો રહે છે (નદીઓ અને વૃષ્ટિથી), એ જ રીતે પોતાની જાતને પાત્ર યોગ્ય બનાવવી. કારણ કે, પાત્ર પાસે સંપત્તિઓ સ્વયં આવે છે.

જો વ્યક્તિ સુપાત્ર-લાયક, અને સદ્‌ગુણી હોય તો કોઈની પાસે યાચના કર્યા વિના જ ધન-સંપત્તિ અને વિદ્યા તથા સદ્‌ગુણો જાતે જ તેની પાસે તેની પાત્રતા શોધીને આવતા રહે છે. સમુદ્ર દ્વારા આ વાત અત્રે સમજાવવામાં આવી છે.

સુવિચાર

- મેરા રબ જબ ભી સવાલાત કરેગા અગર કયામત મેં,
  તો હમ ભી કહ દેંગે લુટ ગયે હમ શરાફત મેં - **વિભાવરી તન્ના**
- ઘરમાં ફુલદાની, મચ્છરદાની, સાબુદાની, પાનદાની,
  અને અત્તરદાની હોય પણ 'ખાનદાની' ન હોય તો બધું જ વ્યર્થ છે - **ડો. જગદીશ ત્રિવેદી**
- સફળતા એ ટ્યુબ જેવી છે, કચાશનું નાનકડું પંચર પણ તેમાં ચાલતું જ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે કંઈ મોજા નથી, તમે તો સમુદ્રનો હિસ્સો છો - **ડો. એલન**
- ભરોસો રાખો... તે ઘણું સારું આપવા માટે જ સારું છીનવે છે - **જીવન પાથેય**
- માત્ર વિચાર કરતાં વિકસિત કરેલ અને કાર્યાન્વિત વિચાર વધારે મહત્ત્વનો છે - **સર એડવર્ડ બોનો**
- આજનું ઔષધ : હળદર અને સિંધવમાં અજમો શેકીને ૩-૩ ગ્રામ ગરમ પાણી સાથે લેવાથી આફરો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અમેરિકાના પ્રતિષ્ઠિત સામયિકના સંપાદક વોલ્ટર હાઈન્સ થોડાક મહિના માટે જ નિમણૂંક પામ્યા હતા. સામયિક માટે જે લેખો, વાર્તાઓ વગેરે આવતા તેમાંથી કોઈને કોઈ લેખ રદબાતલ કરતા, તો કોઈને પ્રકાશિત કરવા રાખી લેતા... ઘણા લેખો વાર્તાઓ પર કોઈક બે લીટીની ટીપ્પણી આપીને લેખકને પરત મોકલી આપવા એ એમની દૈનિક દિનચર્યા હતી. એકવાર એક લેખિકાએ તેમને પત્ર લખ્યો અને કહ્યું, 'ગયા અઠવાડિયે મારી એક વાર્તા આપે મોકલી હતી. મારો દાવો છે કે તે વાર્તા તમે વાંચી જ ન હતી. તમારા જેવા સંપાદક. તમારા કાર્યમાં પ્રામાણિકતા દાખવતા નથી.... મેં એની ખરાઈ કરવા મેં મારી વાર્તાના પાના નંબર ૪ અને ૫ ચોંટાડી દીધા હતા. વાર્તા પરત આવી ત્યારે પણ એ પાના યથાવત ચોંટેલા હતા. આ એક સાબિતિ છે કે તમે આટલા મોટા સામયિકના સંપાદક તરીકે ઓગ્ય છો...' વોલ્ટરે જવાબમાં લખ્યું કે 'હાંડીમાં ચોખા ચડ્યા છે કે નહીં તે જાણવા માટે ચોખાનો એક જ દાણો દબાવીને ચકાસણી કરવાની હોય છે. આખી હાંડી તપાસવાની જરૂર નથી. જેની પાસે અનુભવ છે તેને આ પારખવામાં વાર નથી લાગતી.' વોલ્ટરે એ લેખિકાને શિખામણમાં લખ્યું, 'પોતાનું મૂલ્યાંકન જાતે જ કરવું જોઈએ.' લેખિકાને વોલ્ટરની વાત ગળે ઉતરી તેણે ફરી પત્ર લખી વોલ્ટરની માફી માંગી.

લોકડાઉનમાંથી ક્રમશઃ મુક્તિ જરૂરી

તંત્રીસ્થાનેથી...

વિશ્વ મજૂર દિન 'મે ડે' તરીકે દુનિયાભરમાં ઊજવાતો દિવસ પાછો ગુજરાત અને મહારાષ્ટ્રનો સ્થાપના દિવસ પણ છે. ગુજરાત ગૌરવ દિને ગુજરાત અને મહારાષ્ટ્ર ગૌરવ દિવસે મહારાષ્ટ્ર દેશમાં ફેલાઈ ચૂકેલા કોરોના સંક્રમણથી સૌથી વધુ પ્રભાવિત રાજયો બની રહ્યાં, તે પણ કેવી વિડંબના છે ! લોકડાઉનના પ્રતિબંધોને કારણે ગુજરાત એના ગૌરવ દિવસની ઉજવણી કરી શકયું નથી પરંતુ આપણે ગુજરાતની મહાન વિભૂતિઓની માનસિક વંદના તો કરવી જ રહી. વળી આ જ દિવસની આસપાસ દેશની ત્રણ વિશિષ્ટ પ્રતિભાઓએ વિદાય લીધી, જે પૈકી બે વિશે ગઈકાલના તંત્રીલેખમાં નોંધ લીધી હતી. લાડકવાયાં લેખિકા કુન્દનિકા કાપડિયા અને ઈરફાન કરતાં પણ વધુ નામાંકિત બોલીવુડ સ્ટાર ઋષિકપૂરની વિદાયથી સ્વાભાવિક રીતે જ કલાજગતમાં એક ન પુરાવા એવી ખોટ સર્જાઈ છે. પૃથ્વીરાજ કપૂર હાલના પાકિસ્તાની પંજાબથી નાટકો લઈને મુંબઈમાં સ્થાયી થયા અને પછી તો આખો પરિવાર દંતકથામાં ફેરવાઈ ગયો. 'મુગઝે આઝમ'માં પૃથ્વીરાજ કપૂરને, 'આવારા' કે 'મેરા નામ જોકર' માં રાજકપૂરને અને 'બૉબી' કે 'સાગર'માં ઋષિકપૂરને જોનાર વીસરી શકે નહીં. ઋષિકપૂર સુપરસ્ટાર ભલે ન બની શક્યા પણ કપૂર વંશમાં એક યાદગાર માઈલસ્ટોન તરીકે એ અમર થઈ ગયા છે. એમનો પુત્ર રણબીર કપૂર વર્તમાન સમયનો સૌથી લોકપ્રિય હીરો છે. ઋષિકપૂરે કેન્સરની બિમારી સામે ઝઝૂમતાં ૬૭ વર્ષની વયે દેહ છોડ્યો એથી કલાજગત વધુ રાંક બન્યું છે. કોરોના સંકટ સામે કેવી રીતે લડત આપવી એની શિખામણ આપતો એમનો વીડિયો, મરણ પથારીએ પડ્યાં પડ્યાં યુવા કલાકારોને પ્રોત્સાહિત કરતાં એમનાં વિધાનો કે સુપરસ્ટાર અમિતાભ બચ્ચન સાથેની એમની ટીખળકોરી - આ બધામાં એક જીવંત, સદાબહાર હીરો જ પ્રગટ થતો વરતાય છે. 'ગાંધીનગર સમાચાર' આવા એક માઈલસ્ટોન હીરોને હૃદયાંજલી આપી કૃથાર્થતા અનુભવે છે. કોરોના સંકટને કારણે કલાસાહિત્ય અને અર્થકારણ કે રાજકારણ સહિતની અનેક બાબતો હાંસિયે ધકેલાઈ ગઈ છે. રિઝર્વ બેન્કના પૂર્વ ગર્વનર રઘુરામ રાજન સાથેની કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીની ચર્ચાથી ફલિત થાય છે કે સરકારે ગરીબો માટે ૬૫,૦૦૦ કરોડ રૂપિયા જેવો જંગી ખર્ચ કરવો પડશે, જે ભારતના જીડીપીને જોતાં બહુ મોટી રકમ ન કહેવાય. કોરોના સંકટથી ૧૦ કરોડ લોકો બેરોજગાર બની ગયા છે. ભારતની કઠોર વાસ્તવિકતા - એની ગરીબી આ કોરોના સંકટે ઉજાગર કરી છે. એથી રઘુરામ રાજન જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત અર્થશાસ્ત્રી કે નારાયણ મૂર્તિ જેવા ઉદ્યોગપતિ એક જ ભાષામાં વાત કરે છે અને કહે છે કે લોકડાઉન લંબાવે રાખવાથી કોઈ ભલીવાર નહીં આવે. ઊલટાનાં કોરોના ઈન્ફેકશનથી થતાં મોત કરતાં ભૂખમરાને કારણે વધુ મોત નોતરવા જેવું બનશે. આથી સરકાર પણ તબક્કાવાર લોકડાઉન બંધનમાંથી પ્રજાને છોડવા કૃતસંકલ્પ છે. સરકારે પણ લોકડાઉન દરમિયાન કરોડો રૂપિયાની આવક ગુમાવી છે. ગુજરાત સરકાર એ દૃષ્ટિએ અભિનંદનને પાત્ર છે કે આવક ઘટી હોવા છતાં તે પોતાના સ્ટાફ-કર્મચારી વર્ગને પૂરો પગાર આપવાની છે અને પેન્શનરોને પૂરું પેન્શન ચૂકવવાની છે.

રોકડા રોકડે કો ખીંચતાં હૈ... રોકડા જબ રોકડે સે મિલતા હૈ તો ઔર રોકડા પૈદા કરતા હૈ

રોકડા રોકડે કો ખીંચતાં હૈ... રોકડા જબ રોકડે સે મિલતા હૈ તો ઔર રોકડા પૈદા કરતા હૈ

- જઝ્બા

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

૨૦૧૫માં આવેલી આ ફિલ્મના દિગ્દર્શક સંજય ગુપ્તા હતા. ઐશ્વર્યા રાય અને ઈરફાન ખાનની આ ફિલ્મ દેખીતી રીતે જ ઈરફાન ખાનના ધારદાર સંવાદોને કારણે પ્રેક્ષણીય બની રહી હતી.

વાસ્તવમાં આ ફિલ્મ ૨૦૦૭માં આવેલી સાઉથ કોરિયન ફિલ્મ 'Seven days' ની રિમેક હતી.કમલેશ પાંડે એ આ ફિલ્મનાં સંવાદ લખ્યા હતા. ઈરફાન ખાનના જાદુઈ અવાજમાં આ ફિલ્મના લગભગ દરેક સંવાદ સાંભળવાની મજા પડી જાય છે.

પૈસો પૈસાને ખેંચે એ તો સર્વવિદિત વાત છે. ઈરફાન ખાન આપણને આ જ સત્ય પોતાના અલગ અંદાજમાં જણાવે છે.

જોવાની ખૂબી એ છે કે વાલ્મીકિ રામાયણમાં આ જ પ્રકારની અર્થચ્છાયા વાળો એક શ્લોક મળી આવે છે.

અર્થેભ્યો હિ વિનષ્ટેભ્યઃ સંવૃત્તેભ્યસ્તતસ્તતઃ ।
ક્રિયાઃ સર્વાઃ પ્રવર્તન્તે પર્વતેભ્ય ઇવાપગાઃ ॥

અહીંયાથી અને ત્યાંથી ભેગા કરેલા ધન જ બધી ક્રિયાઓનું કેન્દ્ર(ઉદ્ગમ) હોય છે, જેમ પર્વતોથી નદિઓનું.

આજકાલ આપણે સવાર-સાંજ જ્યારે રામાયણ અને મહાભારત જેવી આપણી સુપરહિટ ધારાવાહિક પુનઃ જોઈએ છીએ ત્યારે એ વાતનો ખ્યાલ આવે છે,કે કેવી સંસ્કારો અને ઉપદેશોની વાત સરળતાથી કરવામાં આવે છે.

રામાયણ અને મહાભારત આજની પેઢી માટે સુપાચ્ય બનાવવા માટે જાણે આ કોરોના યુગ સહાયરુપ નીવડ્યો છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

'ઓનલાઈન કવિ સંમેલન' યોજાયું

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્ત સંચય

● ગુજરાત રાજયના સ્થાપનાદિન નિમિત્તે તા.૧-૫-૨૦૨૦ ના રોજ બપોરના બે વાગ્યે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવનપર આધારિત રચનાઓની પ્રસ્તુતિનું , 'ઓનલાઈન કવિ સંમેલન ' મહાત્મા ગાંધી સાહિત્ય સંસ્થાના ઉપક્રમે,વિશ્વમાં પ્રથમવાર, ગુજરાતી-હિન્દી કવિ અને ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય ડૉ.ગુલાબચંદ પટેલ દ્વારા યોજવામાં આવી રહ્યું છે. આ ઑનલાઈન કવિ સંમેલનમાં, ગુજરાત સાહિત્ય સંગમ, ગાંધીનગરના અધ્યક્ષ અને સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ નટવર હેડાઉ અધ્યક્ષસ્થાને રહેશે. જયારે ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રજાપ્રેમી, ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર 'ઓનલાઈન કવિ સંમેલન'નું ઉદ્ઘાટન કરશે .

આ ઓનલાઈન કવિ સંમેલનમાં રાજ્યના અને રાજ્ય બહારના- બેંગ્લોર,દિલ્હી મહારાષ્ટ્ર- મુંબઈ વગેરે સ્થળોએથી લગભગ ૪૭ જેટલા કવિઓ ભાગ લઈ રહ્યા છે; જેમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નિષેધ મકવાણા અને સમર્પણ આર્ટ્સ કોલેજના પ્રિન્સિપાલશ્રી દીપક પંડ્યા પણ જોડાયા છે.

પ્રવર્તમાન સમયમાં કોરોના કહેરના પરિણામે પ્રવર્તતા 'લૉકબંધી' અને કલમ ૧૪૪' ની અમલવારીના કારણે, લોકો એકસાથે ભેગા મળી નહીં તે માટે; ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગરના અધ્યક્ષ નટવર હેડાઉએ, ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે 'ગુજરાત વંદના' નો ઘેર બેઠાં માણી શકાય તેઓ ઑનલાઈન કાર્યક્રમ યોજેલ છે.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

ખાકની મૂઠી ભરી રાજી થનારાઓની વીર કથા

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સૌરાષ્ટ્ર – કચ્છના રાજવીઓની શાસન અંગેની એક આગવી પ્રણાલિકા રહી છે. વિચારશીલ રાજવીઓએ કેટલાક મહત્વના તથા પ્રજાહિતના નિર્ણયો કરીને કેટલીક સંસ્થાઓ તથા સુયોગ્ય વ્યક્તિઓને ઉદારતાપૂર્વક સહાય કરી છે. આવા શાસકોની કીર્તિ આજે પણ ગીતોમાં વણીને ગાવામાં આવે છે. રાવ લખપતજી વ્રજભાષા પાઠશાળા, ભૂજ કે શિશુવિહાર ભાવનગર જેવી સંસ્થાઓ જે તે સમયના રાજવીઓની દીર્ઘદ્રષ્ટિ સિવાય સ્થાપવી મુશ્કેલ હતી. વ્યક્તિગત કિસ્સાઓમાં પણ ભાવનગરના રાજવી તથા કુશગ્ર દીવાન સર પ્રભાશંકર પટ્ટણી જેવા દીર્ઘદ્રષ્ટા મહાનુભાવોએ સુયોગ્ય વ્યક્તિઓને સમયસર મદદ કરીને ભવિષ્યમાં સમાજને ઉપયોગી તેવા લોકોની અણમોલ સંપદા ઊભી કરવામાં મૂડીરોકાણ કર્યું હતું. આવુંજ ઉજ્વળ ઉદાહરણ લીંબડીના રાજવી જશવંતસિંહજી તથા સુપ્રસિધ્ધ ક્રાંતિવીર સરદારસિંહ રાણાનું છે. ઠાકોર સાહે બે સરદારસિંહનું હીર પારખીને છેક મહાવિદ્યાલયના અભ્યાસકાળથી સ્નાતક સુધીના અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપી હતી. સરદારસિંહ ઈંગ્લાંડ જઈને ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે તેમની જરૂરિયાતને લક્ષમાં રાખીને જશવંતસિંહજીએ સહાય કરી હતી. આ રીતે સરદારસિંહ રાણાની ઉજળી કથાના પાયામાં લીંબડી રાજયના ઉદાર તથા સૂઝ ધરાવતા પ્રજાવત્સલ રાજવીની કથા પડેલી છે. પેરીસમાં રહીને સરદારસિંહજીએ હાથ ધરેલી મા-ભોમના મુક્તિ સંગ્રામની પ્રવૃત્તિ સદાકાળ પ્રેરણાનો સ્ત્રોતબની રહે તેવી ભવ્ય છે. જીવનના તમામ સંઘર્ષોના આકરા તાપમાં પણ સરદારસિંહનું લોખંડી વ્યક્તિવ ખીલ્યું છે તથા મહોર્યું અને મહેક્યું છે.

દેશને આઝાદ થયાને હજુ લાંબો સમય થયો નથી. તે સમયની આ ઘટના છે. અનેક સમસ્યાઓ-પડકારો હોવા છતાં દેશવાસીઓ સ્વતંત્ર ભારતના વાસંતી વાયરાનો અનુભવ કરી રહયા છે. મેઘાણીભાઈએ લખ્યું છે તેમ આ નામમાં જ એક અનેરી મીઠાશ અનુભવી શકાતી હતી.

તારા નામમાં ઓ સ્વતંત્રતા
મીઠી આ શી વત્સલતા ભરી !
મુડદાં મસાણેથી જાગતાં-
એવી શબ્દમાં શી સુધા ભરી...
તારા નામમાં ઓ સ્વતંત્રતા.

આ સમયમાં જ મહાત્મા ગાંધીજી તથા દેશના પ્રથમ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુના આમંત્રણથી ફ્રાન્સના એક મહેમાન હિન્દુસ્તાનની ધરતી પર પગલાં કરે છે. માતૃભૂમિની પૂજામાં જીવન ખપાવી દેનાર મહેમાન સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના કંથારીયા નામના નાના ગામના છે. તેમનું ધન્ય નામ સરદારસિંહ રાણા છે. એપ્રિલ મહિનામાં રામનવમીના શુભ દિવસે જ ઈ.સ.૧૮૭૦ માં તેમનો જન્મ થયો હતો. આથી આ મહિનામાં તેમની સ્મૃતિ થવી સ્વાભાવિક છે. ગાંધીજીને મળ્યા ખરા પરંતુ તે દિવસે સોમવાર એટલે બાપુના મૌનનો દિવસ હતો. પરંતુ આ વ્યવહારુ મહાત્માના જીવનમાં વ્રતપાલન કદી આડખીલીરૂપ બન્યું નથી. બાપુએ મૌન તોડીને જૂના મિત્ર સરદારસિંહ સાથે અલકમલકની વાતો કરી. બંન્ને રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં (આજની મહાત્મા ગાંધી વિદ્યાલય) સાથે ભણેલાં તેમજ બંન્ને પ્રખર દેશભકત હોવાના કારણે એકબીજા તરફનો સ્નેહાદર એક સમાનજ હંમેશા રહેલો હતો. આઝાદી પ્રાપ્ત કરવા માટેની બંન્ને મહાનુભાવોની પધ્ધતિ પણ જુદી હતી. પરંતુ વ્યકિતગત સ્નેહના બંધનો તથા અંતરની ઊર્મિઓને વ્યકત કરવામાં બહારની બાબતો ગૌણ બને છે. પંડિતજીને પણ રાણા મળ્યા. જયારે પરાધીન દેશનો કોઈ રાષ્ટ્રધ્વજ ન હતો ત્યારે અસાધારણ સૂઝ તથા સાહસથી રાણા તથા મેડમ કામાએ જર્મનીમાં જાતે ડિઝાઈન કરીને ઓગષ્ટ-૧૯૦૭ માં ફરકાવેલ રાષ્ટ્રધ્વજની ભેટ દેશના પ્રથમ પ્રધાનમંત્રીને આપી. પ્રધાનમંત્રી આ ઉજળી ઘટનાને યાદ કરીને પ્રસન્ન થયા. સરફરોશીની ઉદ્રાંત ભાવના પુનઃ આ મુલાકાતમાં જાગૃત થઈ. સંપૂર્ણ ભારતની તેમણે શ્રધ્ધાપૂર્વક યાત્રા કરી. જો કે ફ્રાંસ પરત ગયા ત્યારે દેશની તત્કાલીન સ્થિતિ અંગે ચિંતા તથા વ્યગ્રતાના ભાવ સાથે ગયા હતા તેમ નોંધાયુ છે. સ્વાતંત્રય સૈનિકોને પેન્શન આપવાની યોજના હેઠળ સરદારસિંહને પેન્શન આપવાની ભારત સરકારની ઓફરનો તેમણે સવિનય અસ્વીકાર કર્યો. ભારત સરકારને લખ્યું કે તેમણે જે કંઈ યથાશકિત કર્યું છે તે માતૃભૂમિની સેવા માટે કરેલું છે. તેનો બદલો કે વળતર લેવાનો કોઈ પ્રશ્ન હોઈ શકે નહિ. ક્ષાત્ર ધર્મને ખરા અર્થમાં સરદારસિંહે દિપાવ્યો. ફ્રાન્સના એક અગ્રણી નાગરિક તરીકે તેમનું નામ સુવિખ્યાત થયુ હતું. જગપ્રસિધ્ધ ચિંતક રોમાં રોલાં સાથે રાણાને સ્નેહ સંબંધ હતો તે તેમની વૈચારિક ક્ષમતા દર્શાવે છે. સરદારસિંહે મહેનત કરીને ફ્રેંચ, જર્મન, અંગ્રેજી ભાષાઓ શીખ્યા હતા. હિન્દી પર તેમનું પ્રભુત્વ હતું. ગુજરાતી તો માતૃભાષા હતી અને તેથી વતનમાં અનેક પત્રો તેમણે ગુજરાતીમાં લખેલા છે. ફ્રેંચ અખબારમાં કટાર લખીને તેઓએ અંગ્રેજ શાસકોની શોષણની નીતિને તર્કબધ્ધ રીતે ખુલ્લી પાડવાની કોશિષ કરી હતી. ઝાલાવાડી ઢબે સાફો બાંધીને પૂરા દેશી પોષકમાં પેરીસના બગીચામાં પણ કયારેક નિજાનંદ માટે ફરવા જતાં તેવી હકીકત નોંધાયેલી છે. માનવીને પોતાની ભાષા-પહેરવેશ તથા ખાનપાન સાથે કેવો intimate સંબંધ હશે ? આઝાદી મેળવવા માટેના આ અવિરત સંગ્રામમાં થાકયા કે હાર્યા સિવાય પૂર્ણતઃ રંગાઈ જનાર આ મહામાનવો કોઈ અજબ ખૂમારીથી જીવ્યા હતા.

ઈસી રંગ મેં વીર શિવાને,
મા કા બંધન ખોલા...
યહી રંગ હલ્દી ઘાટી મેં,
ખુલકર ઊસને બોલાપ
ઈસી રંગ મેં રંગ રાણાને,
જનની જય જય બોલા...
મેરા રંગ દે બસંતી ચોલા.

માતૃભૂમિને વિદેશી શાસકોની પકડમાંથી મુકત કરવા માટે બે અલગ અલગ વિચારધારા લઈને શૂરવીરો ચાલ્યા છે. આ બંન્ને વિચારધારાના લોકોમાં તથા તેમના કાર્યમાં ગુજરાતી મહાનુભાવોનો પણ મહત્વનો ફાળો રહેલો છે. ગાંધી વિચારધારાને અનુસરવાનો પ્રયાસ આજે માત્ર આપણો દેશ જ નહિ પરંતે વિશ્વભરના અનેક વિચારકો કરે છે. તે પવિત્ર વિચારધારાની તો ગંગોત્રી જ ગુજરાત છે. ગુજરાતે અને ગાંધીએ જ આ બાબતમાં પહેલ કરી છે. પરંતુ પોતાની પ્રચંડ શકિત તથા અદમ્ય દેશનિષ્ઠાથી ક્રાંતિકારીઓનું જે ઉજવળ મશાલ સરઘસ ફનાગીરી વહોરી લેવાના સ્વપ્ન સાથે નીકળ્યું તેમાં પણ ગુજરાતીઓનો નોંધપાત્ર ફાળો રહેલો છે. કચ્છના પંડિત શામજી કૃષ્ણવર્મા તથા ઝાલાવાડના સરદારસિંહજી રાણાએ બંન્નેના વ્યકિતત્વ તેમના અસાધારણ કાર્યોથી ઝળકી ઉઠેલા છે. વીર વિઠ્ઠલભાઈ પણ તેમની તીક્ષ્ણ બુધ્ધિમત્તા તથા કાયદાની ઊંડી સમજને કારણે બ્રિટીશ શાસકોને હંફાવેલાં છે. બંન્ને વિચારધારાના સ્વાતંત્રય સેનાનીઓનું સત તેમની અસાધારણ આત્મશ્રધ્ધામાં પ્રગટ થયેલું છે. દક્ષિણ ગુજરાતના કવિ શ્રી કલ્યાણજી વિ. મહેતાના શબ્દો આ સંદર્ભમાં યાદ કરવા જેવા છે.

દિવાલો દૂર્ગની ફાટે
તમારા કેદખાનાની
તૂટે ઝંઝીર લોખંડી-
તમારી આત્મશ્રધ્ધા તો !
તમારા માર્ગમાં ઊભા
પહાડો યે ખસી જાશે
બિયાબાં માર્ગ દઈ દેશે-
તમારી આત્મશ્રધ્ધા તો !

અનુસંધાન પાના નં ૭ પર

વિજ્ઞાની ગાંધી પ્રકૃતિને કાબુ લાવવા કદી ના મથ્યા

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

મહાત્મા ગાંધીએ પોતાની આત્મકથાનું નામ રાખ્યું છે 'સત્યના પ્રયોગો'. જીવનભર તેમણે કરેલા પ્રયોગો તેમણે એમાં સમાવ્યા છે. બાપુએ આત્માના અવાજને અનુસરીને પ્રયોગો કર્યા અને જેને લઈને પ્રયોગો કરવામાં આવ્યા તે હતું સત્ય. સત્ય એ બાપુની પ્રયોગશાળાના સાધનો અને ઓજાર હતા. જો સાધનોને આપણે નામજોગ ઓળખવા હોય તો અભય, અપરિગ્રહ, અહિંસા, અસ્વાદ,અસ્તેય, અસ્પૃશ્યતા નિવારણ, જાત મહેતન, સર્વધર્મ સમભાવ અને સ્વદેશીને ગણાવી શકાય. ગાંધીએ એક વિજ્ઞાનીની નિષ્ઠાથી આજીવન પ્રયોગો કર્યા. પોતાના જીવનના મોટાભાગના વર્ષોમાં તેમને હિંસાની સામે અહિંસાના પ્રયોગો કર્યા. વિશ્વના ઈતિહાસમાં આ પ્રયોગો શોધ્યે જડે એમ નથી.

પણ અન્ય વિજ્ઞાનીઓની સરખામણીએ ગાંધી સાવ જુદા પડે છે. બીજા વૈજ્ઞાનિકો પ્રકૃતિ પરનો કાબુ મેળવવાના ઉપાયો શોધવામાં આજીવન મથતા હોય છે જેયારે ગાંધીએ આત્મ નિયંત્રણનો માર્ગ ચાલીને ઉપાયો શોધવામાં રત રહેતા હતા. પ્રયોગવીર ગાંધીની આ દૃષ્ટિ અને એના પગલે ચાલવું એ બહુ મહત્ત્વનું છે. કારણ કે જો આપણે આત્મ નિયંત્રણનો માર્ગ ન જાણીએ તો વિજ્ઞાનની કીમતી બક્ષિસોને વ્યર્થ વેડફી નાખીએ છીએ. આજના કોવિદ-કોરોના મહામારીના અસ્તિત્વ ટંકાવવાના સમગ્ર માનવજાતના પ્રયાસોમાં આપણને ગાંધી ઓસડ જલ્દી સમજાય જાય એવું છે.

વર્તમાન સમયમાં 'ઘરમાં રહો, સ્વસ્થ રહો' એ સૌ કોઈએ સ્વીકાર્ય બનાવવું પડ્યું છે. તેવા દિવસોમાં ગાંધીના પ્રયોગોએ આપણને પાશ્ચાત્ય ઢબે જીવાતી જીવનશૈલીને બદલવામાં ઉપયોગી સાબિત થાય એમ છે. સરકાર તથા સ્વૈચ્છિક રીતે અનેક નાગરિકોએ પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓના સારા પરિણામો આવતા હોવાના પ્રમાણો આપ્યા છે. ગાંધીએ તો આવા અસંખ્ય પ્રયોગો આજીવન કર્યા હતા. પહેલા પોતાની જાત ઉપર અને પછી પોતાના કુટુંબીજનો ઉપરના પ્રયોગો જો સફળ નીવડે તો જગતને તેની જાણ કરવાનું તેમણે અદ્‌ભૂત કામ કર્યું હતું.

જોહાનિસબર્ગમાં જયારે તે સમયની મરકીની મહામારીમાં તેમણે 'કૂલી લોકેશન' હિંદી દર્દીઓને અન્ય સારવાર ઉપરાંત માટીના પ્રયોગો દ્વારા પણ સાજા કરવાના પ્રયાસો તેમણે કર્યા હતા. રસ્કિનના 'અન ટુ ધીસ

કોરોના મહામારીમાં અસ્તિત્વ ટકાવવાના પ્રયાસોમાં 'ગાંધી' ઓસડ અજમાવવા જેવું ખરું

લાસ્ટ' પુસ્તકથી તેઓમાં જે રચનાત્મક ફેરફાર આવ્યો અને સર્વોદય વિચારોને સ્થાન આપીને 'ટોલ્સટોય ફાર્મ' માં પોતાના કુટુંબ ઉપરાંત, અન્ય હિન્દી પરિવારો એન મિ. પોલાક, આલ્બર્ટ વેસ્ટ જેવા ગોરા મિત્રોને પણ સપરિવાર ફાર્મમાં રહેવા ઉત્તેજન આપ્યું હતું. એ સમયે પણ તેમણે આવી જ પ્રકૃતિદત્ત ચિકિત્સાને અનુસરવાનું બળવત્તર બનાવ્યું હતું.

મહાત્મા ગાંધીએ ટોલ્સટોય ફાર્મમાં સમુહ જીવન જીવવા માટે તેમના પરિવારને ભારતથી દક્ષિણ આફ્રિકા તેડાવી લીધું હતું. સ્ટીમરમાં આવતી વેળાએ તેમના ત્રીજા દીકરા રામદાસનો હાથ ભાંગ્યો હતો. સ્ટીમર દાકતરે હાડકું સાંધીને પાટો બાંધી આપ્યો હતો પણ હાથનો જખમ ગાંધીએ માટીના પ્રયોગથી રૂઝાવ્યો હતો. ગાંધીએ કુદરતી ઉપચાર પરના અનેક પુસ્તકો વાંચીને પ્રાકૃતિક ચિકિત્સા ઉપર પોતાની શ્રદ્ધા વધારી હતી. આશ્રમના તમામ પરિવારજન ઉપર તેમણે આના દ્વારા રોગમુક્તિ આણવાનું કામ કર્યું હતું. શરીરને કોઈ જખમ લાગે, તાવ કે અજીર્ણ હોય, શરદી, કમળો વગેરે અનેક રોગ વખતે તેઓ દર્દીના દર્દ ઉપર માટીના, પાણીના અને ઉપવાસના પ્રયોગો હાથ ધરતા હતા. આ અનુભવોને આધારે ગાંધીજીએ પાછળથી પાંચ કુદરતી તત્ત્વો પર આધારિત ચિતિત્સા પદ્ધતિ વિકસાવી હતી. આશ્રમ જીવનમાં ભોજન સમટે મીઠા વગરનું ભોજન (અલૂણ) કે જમવામાં લીમડાની ચટણીની હાજરી વગેરે ઉદાહરણો તેમની આ પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિના આધારે જ તેમણે દાખલ કર્યા હતા.

ગાંધી નિત્ય પરિવર્તનશીલ હતા. વકીલાતકાળ દરમિયાન તેમણે ધોબીની ગુલામીમાંથી છૂટવાનો વિચાર આવ્યો પરિણામે તેમને જાતે કપડાં ધોવાનું શરૂ કર્યું. એ સાથે કપડાંને આર અને ઈસ્તરી પણ શરૂ કરી દીધી હતી. આ રીતે સ્વાવલંબન તેમણે પોતાના માટે અમલી બનાવી દીધું હતું. અત્યારે કોરોના સમયકાળમાં સોશિયલ મીડિયામાં એવી મજાક સંદેશારુપે વહેતી થાય છે કે લોકડાઉન દરમિયાન વધેલા 'માથાના વાળ અને ૪૨ ડિગ્રી ઉપરની ગરમી' આ સમસ્યા ઉકેલવી કેવી રીતે ! ભલે હળવી મજાકમાં આ વાત લેવાતી હોય પણ જો ગંભીરતાથી વધુ વાળની હજામત સમસ્યામાંથી છૂટવું હોય તો ગાંધી પ્રયોગ અમલમાં મૂકવો પડે. ગાંધીને બ્રિટનમાં જયારે એ ગોરા હજામે વાળ કાપવાની ના પાડી એટલે હજામની ગુલામીમાંથી મુક્તિ મેળવવા હજામત પણ જાતે શરૂ કરી દીધી હતી. વાળ હજામતની સમસ્યામાં અટવાયેલા કોરોનાકાળના સુજ્ઞ નાગરિક આ ગાંધી પ્રયોગ અપનાવી શકે ખરો !

ગાંધીજીએ ટોલ્સટોય ફાર્મના જીવન દરમિયાન ઘરમાં દળવું, જાજરૂની સફાઈ, લુહારી-સુથારી કામ, બગીચા કામ સહિતના કામો જાતે જ કરતા હતા અને સાથીઓ તેમના કામને અનુસરતા હતા. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ (૧૯૫૦) પૃષ્ઠ - ૨૮૦, માં ટોલ્સટોય ફાર્મના વિચારમય પ્રયોગોની સિદ્ધિ વર્ણવતા ગાંધીજીએ લખ્યું છે : 'ટોલ્સટોય ફાર્મમાં મારી હિંમત અને શ્રદ્ધા પરાકાષ્ઠાએ પહોંચેલા હતા. છેવટના યુદ્ધ સારું ટોલ્સટોય ફાર્મ એ આધ